**અમદાવાદનાં મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં**

**ફોજદારી કેસ નં. ૧૨૦૭૦૪/૨૦૨૩**

(૧) ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપી/આરોપીઓએ ચાર્જશીટમાં જણાવ્યા મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપી/આરોપીઓ અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપી/આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપી/આરોપીઓની પ્લી ગુના સબબ નોંધતા, આરોપી/આરોપીઓએ પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરેલ છે અને કબૂલાત પુરસીસ અલગથી આપેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી/આરોપીઓએ ગેરકાયદેસર દારૂ રાખી **પ્રોહી. એક્ટની કલમ-૬૫ (એ)(એ)** મુજબનો શિક્ષપાત્ર ગુનો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે.

(૩) આરોપી/આરોપીઓએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપી/આરોપીઓએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યક્ત કરેલ હોય, ભવિષ્યમા આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપી/આરોપીઓએ પોતાનાથી અજાણતા, ઈરાદા સિવાય, રોજીરોટીની તલાશ/કામગીરીમાં આવા પ્રકારનો પ્રથમવાર ગુનો થયાનું જણાવેલ હોય, આ કામના આરોપી/આરોપીઓએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપી/આરોપીઓને સજા કરવી જોઈએ તેમ માનું છું. પરંતુ આરોપી/આરોપીઓની કબૂલાત પુરસીસ વંચાણે લેતા તેમ જ આરોપીપક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલી રજૂઆતોને લક્ષમા લેતા તેમ જ ન્યાયમૂર્તિ ડો. જે. એન.ભટ્ટ સાહેબે સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર(ક્રિમીનલ અપીલ નંબર ૪૭૭/૨૦૦૨ વિગેરે)ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમા લેતા, આ કામમાં આરોપી/આરોપીઓને હાલના ગુના સબબ કલમમાં ન્યુનતમ સજા નિયત કરેલી ના હોય, દંડની સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપી/આરોપીઓની સામેના ગુનાને લક્ષમા લેતા, આવા પ્રકારના સંજોગો તથા રજૂઆતોને લક્ષમા લેતા આરોપી/આરોપીઓને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા જોઈએ અને તેવા સંજોગો ધ્યાને લઈ યોગ્ય સજાનો હુકમ કરવો ન્યાયિક જણાય છે , જેથી ન્યાયના વિશાળ હીતમા નીચેનો હુકમ કરવામા આવે છે.

**-: હુકમ :-**

૧) આરોપી/આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૪૧ મુજબ **પ્રોહી. એક્ટની કલમ-૬૫(એ)(એ)** મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી સદર ગુના સબબ **રૂ.૨૦૦/-** દંડ કરવાનો હુકમ કરવામાંઆવે છે.

૨) દંડ કસૂર બદલ દિવસ-૧૦ ની સાદી કેદ ભોગવવી.

૩) મુદ્દામાલ (જો હોય તો) અંગે અગાઉ થયેલ હુકમ અપીલ સમય બાદ ક્રિ.પ્રો.કોડની કલમ-૪૫૨ તળે બિનશરતી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને આવો કોઈ હુકમ બાકી હોય તો જ તેવા સંજોગોમાં માલીકને મુદ્દામાલની માલીકીની ખરાઈ કરી બિનશરતી સોંપી આપવાનું રહેશે. બિન-કિમતી મુદ્દામાલ (જો હોય તો) નો અપીલ સમય બાદ નિમોનુસાર નિકાલ/નાશ કરવાનો રહેશે. દારૂ કે તેની મળી આવેલ ગેરકાયદેસર સામગ્રીનો નાશ કરવો.

૪) આરોપીએ રજુ કરેલ અગાઉના જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે વધુ છ માસના સમય માટેઅમલમાંરાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૦૯/૧૨/૨૦૨૩
અમદાવાદ.
(લો.અ.-સ્પે.સીટીંગ)

(સનત જયંતિલાલ પંચાલ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.(જી.જે.૦૦૮૬૪)